# શહેરમાં ૩૦થી વધુને ભાંગની અસર

## ભાંગ પીધેલાઓને ગાંધીનગર સિવિલમાં સારવાર આપવામાં આવી



ગાંધીનગર, તા.૪

શિવરાત્રીની ઉજવણી શહેરમાં દબદબાભેર કરવામાં આવી હતી.સવારથી જ શિવાલયો હર હર મહાદેવ અને જય ભોલેનાથના નારાથી ગુંજી ઉઠ્યા હતા. શિવભક્તો સવારથી જ શિવાલયોમાં પૂજા-અર્ચના, મહાઆરતી અને વિવિધ પૂજા પાઠના કાર્યક્રમો જોડાઈ હતા. ત્યારે શિવરાત્રીમાં શહેરના કેટલાક ઠેકાણે વેચાણથી મળતી ભાંગ પી જતા ૩૦ જેટલા નગરજનોને ગાંધીનગર સિવિલ સારવાર આપવામાં આવી હતી. જયારે સિવિલમાં ભાંગ પીધેલાઓની હરકત જોતા હાજર રહેલા દર્દીઓ અને મુલાકાતીઓમાં પણ હાસ્યનું મોજુ ફરી વળ્યું હતું.

નાગપાંચમના ખાજા, ઉતરાયણનું ઉંધીયુ જલેબી, દશેરાના દિવસે ફાફડા નગરજનો ખાય છે, તેમ શિવરાત્રીના દિવસે ભાંગ પીવાનો ક્રેઝ વધુ પડતો જોવા મળી રહ્યો છે. ત્યારે શહેરમાં પણ કેટલાક ઠેકાણે ભાંગનું વેચાણ થતુ હોય છે. જિલ્લા પંચાયત, સિવિલ કેમ્પસ તેમજ અન્ય સ્થળો એ પણ મળતી ભાંગ શિવરાત્રી નિમિતે પ્રસાદ માનીને પી લેતા હોય છે.ત્યારે શહેરમાં વેચાણ થયેલી ભાંગ પીધેલા નાગરીકોને સિવિલમાં સારવાર લેવાની ફરજ પડી હતી. સવારથી સાંજ સુધીમાં સિવિલમાં ૩૦ થી વધુ નગરજનો ભાંગ પીધેલા સારવાર માટે આવ્યા હતા. ત્યારે સિવિલ તંત્રને પણ એક તબકકે ભાંગ પીધેલાઓની સંખ્યા વધી શકે તેવું લાગી રહ્યું હતું. જેમાં કેટલાક દર્દીઓને ઉલ્ટીઓ થતી હતી, હસતા-રોતા હતા, ગભરામણ અનુભવતા હતા, ચક્કર આવતા હોય, બેચેની અનુભવતા હોય, બબળાટ કરતા હોય તેવા દર્દીઓ જણાયા હતા. જયારે સારવાર મેળવ્યા બાદ સ્વસ્થ થતા કેટલાક દર્દીઓ સાંજે ઘરે પરત ફર્યા હતા.

ભાંગ પીધેલા દર્દીઓમાં મોટા ભાગે જિલ્લા પંચાયત પાસે ભાંગ પીધી હોવાનું ધ્યાને આવ્યું હતું. તો બીજી તરફ શિવજીના પ્રસાદને પીવા માટે ઉત્સુક કેટલાક નાગરિકોએ ભાંગ પીધેલાઓને જોઈ ભાંગ પીવાનું માંડી વાળ્યું હતું. ભાંગની આડઅસર જોતા સવારે પીધેલા કેટલાક નાગરિકો પણ આ દર્દીઓની અસર જોઈ પોતે પણ મુંઝવણમાં મૂકાયા હતા.



શ્રધ્ધાને પુરાવાની જરૂર હોતી નથી. ભગવાનની ભકિતમાં તલ્લીન બનતા ભાવિકોને તેના અનેકરૂપે દર્શન થાય છે. અને આમ પણ એક કહેવત છે જેવી દ્રષ્ટી એવી સૃષ્ટી ..ત્યારે સૃષ્ટીના રચયિતાની હાજરી તો પલે પલે હરે એક જગ્યાએ વર્તાય જાય છે. શહેરમાં એક નિવૃત અધિકારીએ પોતાના પરિશ્રમથી સિંચન કરીને એક વૃક્ષનો ઉછેર કર્યો છે. જયારે આજે આ વૃક્ષ અને તેના ફરતે વીંટળાયેલા પાંદડા પર નજર કરતા કુદરતી રીતે જ આ વૃક્ષ જાણે હરિયાળા શિવલીંગનો આભાસ કરાવે છે. શિવલીંગ આકારનુ આ વૃક્ષ સ્થાનિકો માટે પણ આકર્ષણનુ કેન્દ્ર બન્યુ છે.



ભારત સરકાર દ્વારા ઉજ્જવલા યોજના અંતર્ગત શહેરી તથા ગ્રામ્ય વિસ્તારના જરૂરિયાતમંદ પરીવારની મહીલાઓને ઘરવપરાશમાં ચુલાની જંજટથી મુક્તિ અપાવી રસોઈ ગેસનું કનેક્શન પુરૂ પાડવામાં આવે છે. આ અંતર્ગત સાબરમતી ગેસ કંપની દ્વારા આ મિશનને બહાર પાડવા જે લેન્ડ કમિટિનું ગઠન કરવામાં આવ્યુ છે તેના ચેરમેન પદે નિવૃત્ત સનદી અધિકારી બી.એ. શુકલ છેલ્લા ૧૨ વર્ષથી સેવા આપી રહ્યા હતા. તાજેતરમાં તેઓ આ પદેથી નિવૃત્ત થતા કંપનીના મેનેજીંગ ડાયરેક્ટર એ રમણકુમારના હસ્તે ભગવાન બુદ્ધની પ્રતિમા, શાલ તથા બુકે અર્પણ કરી સન્માન કરવામાં આવ્યુ હતુ. આ પ્રસંગે ઉપસ્થિત કર્મચારીઓએ તેમને શુભેચ્છા પાઠવી હતી.

## રાજપૂત સમાજનો ૨૨મો લગ્નોત્સવ વાવોલ ખાતે સંપન્ન

ગાંધીનગર, તા. ૪

રાજપૂત સમાજ દ્વારા સમાજનો ૨૨મો લગ્નોત્સવ વાવોલ ગામે યોજાયો હતો. જેમાં નવદંપતિએ પ્રભુતામાં પગલા માંડ્યા હતા. આ કાર્યક્રમમાં પ્રમુખ શંકરસિંહ વાઘેલા સહિત આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

રાજપૂત સમાજના સમૂહ લગ્નોત્સવમાં શંકરસિંહ વાઘેલા દ્વારા દિકરા-દિકરીઓને પગભર થયા પછી જ લગ્ન કરવા જણાવાયુ હતુ. આ ઉપરાંત લગ્નોત્સવમાં ઉપસ્થિત ધારાસભ્ય ડૉ. સી.જે. ચાવડા, મધુર ડેરીના ચેરમેન શંકરસિંહ રાણા, મેયર દેવેન્દ્રસિંહ ચાવડા, વિરોધ પક્ષના નેતા શૈલેન્દ્રસિંહ બિહોલા, કરણસિંહ ચાવડા, વિક્રમસિંહ ગોલ, શંભુજી ઠાકોર, ડેપ્યુટી સરપંચ ભાવનાબા ગોલ, કુબેરસિંહ ગોલ, અમરસિંહ ગોલ, બિલ્ડર અંબુસિંહ ગોલ, પ.પૂ. સંત મધુસુદનદાસજી મહારાજ, પ.પૂ. સંત આનંદમૂર્તિજી મહારાજ, દંડીબાપુ, પ.પૂ. કિરણભાઈ ભાવસાર, બિનાબા રાણા, સોનલબા કનકસિંહ રાણા વિગેરેએ પ્રાસંગિક પ્રવચનો કર્યા હતા. સમગ્ર કાર્યક્રમનું મંચ સંચાલન વિનોદભાઈ ઉદેચા દ્વારા કરવામાં આવ્યું હતું.

લગ્ન સમિતિના અધ્યક્ષ જશુભા પરમાર, દશરથસિંહ વાઘેલા, ભીખુસિંહ બિહોલા, દેવેન્દ્રસિંહ ગોલ, શૈલેન્દ્રસિંહ ઈશ્વરસિંહ ગોલ તેમજ વાવોલ ગામના મુસ્લીમભાઈઓએ સમૂહ લગ્નોત્સવમાં મહત્વનો ફાળો આપ્યો હતો. સમૂહ લગ્નોત્સવમાં રાજપૂત જિલ્લાના આગેવાનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા. સમૂહ લગ્નના મુખ્ય યજમાન વિક્રમસિંહ ગોલે સૌનો આભાર માન્યો હતો.




શિશિરોત્સવ : ગાંધીનગર કલ્ચરલ ફોરમ દ્વારા શહેરમાં દ્વિ-દિવસીય શિશિરોત્સવનું આયોજન કરાયું હતું. જેના ભાગરૂપે ગઈકાલે 'કવિઓની હાસ્ય સ્ટ્રાઈક' નામનો અલગ પ્રકારનો કાર્યક્રમ યોજાયો હતો. જેમાં ખ્યાતનામ હિન્દી કવિઓ સુરેન્દ્ર શર્મા અને આસકરણ અટલ તેમજ જાની વૈરાગી દ્વારા હાસ્ય કવિતાઓની રેલમછેલ થઈ હતી અને શ્રોતાઓ પણ મન મૂકીને વ્યંગને માણી હાસ્યથી તરબોળ બન્યા હતા.

## રાયપુર ગામે સામાન્ય તકરારમાં ૭ સામે ફરીયાદ

ગાંધીનગર, તા.૪

ગાંધીનગર જિલ્લાના રાયપુર ગામે સામાન્ય બાબત અંગે થયેલી તકરારમાં એક પરિવાર પર હુમલો થયો હોવાનો કિસ્સો બન્યો છે. ત્યારે રાયપુર હાળાવાળો વાસ ખાતે રહેતા એક પરિવાર સાથે મારામારીને લઈ ગામના સાત ઈસમો સામે ડભોડા પોલીસ મથકે ફરીયાદ નોંધાઈ છે.

રાયપુર ગામના હાળોવાળો વાસ ખાતે રહેતા મુકેશજી આત્મરામ ડાભી તેઓ પોતાની દિકરી સાથે લાકડા કાંપતી વખતે ઘર પાસે વાત કરી રહ્યા હતા. ત્યારે નજીકમાં જગદીશ નામના યુવક ત્યાંથી પસાર થયો હતો. જગદીશને લાગ્યું કે મુકેશજી મને બોલી રહ્યા છે.જેથી તેણે બોલાચાલી શરુ કરી દીધી હતી, જગદીશે ઘરે વાત કરતા ૬ જેટલા સભ્યો લાકડીઓ લઈને દોડી આવ્યા હતા અને ખેડુત પર હુમલો કરી દીધો હતો. આ સમયે ફરીયાદીના માતા,દિકરી અને ભત્રીજો અને તેની પત્તની વચ્ચે પડતા તમામ નાગરીકોને માર પડ્યો હતો. આ બનાવને પગલે મુકેશજી અને તેમના માતાને ઈજા પહોંચતા ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર માટે લાવવામાં આવ્યા હતા. જયા ફરીયાદીને હાથના ભાગે ફેક્ચર થયું હતું જયારે તેની માતાને માથાના ભાગે ઈજા પહોંચતા ટાંકા લેવાની ફરજ પડી હતી.

150 YEARS OF CELEBRATING THE MAHATMA
સ્વચ્છ ગુજરાત
સ્વચ્છ ગામ, સ્વસ્થ ગામ
सत्यमेव जयते
ગ્રામ વિકાસ વિભાગ
ગુજરાત રાજ્ય
आजीविका AAJEEVIKA
प्रधान मंत्री आवास योजना–ग्रामीण
Pradhan Mantri Awaas Yojana-Gramin

પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ)ના ૪૫,૦૦૦ લાભાર્થીઓનો
સામૂહિક e-ગૃહ પ્રવેશ
મુખ્યમંત્રી ગ્રામોદય યોજનાના
બે લાખ લાભાર્થીઓનું ઉદ્યોગ સાથે જોડાણ,
તેમજ
જોબવર્ક અને નિમણૂકપત્ર
વિતરણ સમારોહ



શ્રી નરેન્દ્રભાઈ મોદી
વડાપ્રધાન, ભારત



શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત

:: મુખ્ય મહેમાન ::
શ્રી વિજયભાઈ રૂપાણી
મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય

તારીખ : ૦૬-૦૩-૨૦૧૯, બુધવાર ● બપોરે ૦૨.૦૦ વાગે ● સ્થળ : મહાત્મા મંદિર, ગાંધીનગર

"પ્રધાનમંત્રી આવાસ યોજના (ગ્રામીણ) અંતર્ગત ૨૦૨૨ સુધીમાં સૌને પાકા આવાસના લાભ દ્વારા ગુણાત્મક પરિવર્તન લાવવામાં ગુજરાત સરકાર અગ્રેસર છે." - શ્રી નીતિનભાઈ પટેલ, નાયબ મુખ્યમંત્રી, ગુજરાત રાજ્ય



શ્રમયોગ - સંગઠન- સમૃદ્ધિ
કમિશનર, ગ્રામ વિકાસની કચેરી
બ્લોક નં. ૧૬/૩, ડો. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર

મુખ્યમંત્રી ગ્રામોદય યોજના
રીપ્રેઝન્ટેટીવ એન્કર્સ
LIC · ATUL AUTO LIMITED · MARUTI SUZUKI · Ramdev · Vishwam Info · ICICI Foundation · Ajanta · GOPAL · Deepak Foundation · GNFC · Amul · UltraTech · Pidilite · Enriching Lives